## એસબીઆઈ લાઈફ – સંપૂર્ણ કૅન્સર સુરક્ષા શા માટે?

કૅન્સરમાં મોટી કીમત ચૂકવવી પડે છે, શારીરિક અને ભાવનાત્મક બંને રીતે. જો કે, આની માટે સજ્જ રહેવાથી તમને તેનો સામનો કરવામાં મદદ મળે છે. તો આજે જ આનો આયોજન કરો એસબીઆઈ લાઈફ – સંપૂર્ણ કૅન્સર સુરક્ષા સાથે, જે તમારી સારવારના દરેક તબક્કે તમને સંપૂર્ણ આર્થિક આધાર પૂરો પાડે છે, જેથી આજે તમે કૅન્સરની ચિંતાથી મુક્ત રહો અને તેનો સામનો કરવા પર વધુ ધ્યાન આપી શકો. એસબીઆઈ લાઈફ – સંપૂર્ણ કૅન્સર સુરક્ષા એક ઈન્ડિવિજ્યુઅલ, નૉન–પાર્ટિસિપેટિંગ, નૉન–લિંક્ડ હેલ્થ ઇન્શ્યૉરન્સ પ્યૉર રિસ્ક પ્રીમિયમ પ્રોડક્ટ છે.

## મુખ્ય વિશેષતાઓ

- **ત્રણ લાભ માળખાની પસંદગી**[1] **:**
  - સ્ટાન્ડર્ડ : માઈનર અને મેજર સ્ટેજ કૅન્સરને આવરી લે છે.
  - ક્લાસિક : માઈનર અને મેજર સ્ટેજ કૅન્સરને આવરી લે છે – એડવાન્સ્ડ સ્ટેજ કૅન્સર પર વધારાની ચૂકવણી સહિત.
  - એન્હેન્સ્ડ : માઈનર અને મેજર સ્ટેજ કૅન્સરને આવરી લે છે – એડવાન્સ્ડ સ્ટેજ કૅન્સર પર વધારાની ચૂકવણી સહિત અને વીમા રકમ રીસેટના લાભ સહિત.
- **ઓવર ધ કાઉન્ટર પ્રોડક્ટ :** કોઈ જ તબીબી તપાસ વગર સરળ પ્રવેશ પ્રક્રિયા.
- **ઝંઝટ મુક્ત ક્લેમ પ્રક્રિયા :** ચૂકવણીઓ થયેલા વાસ્તવિક ખર્ચાઓથી સ્વતંત્ર હોય છે.
- **મંથલી ઈન્કમ લાભ વિકલ્પ :** મેજર સ્ટેજ કૅન્સરનું નિદાન થવા પર 3 વર્ષ માટે માસિક ચૂકવણી તરીકે વીમા રકમના 1.20% મેળવવાની લવચિકતા.
- **પ્રીમિયમ વેઈવર બેનિફિટ :** ઈન–બિલ્ટ પ્રીમિયમ વેઈવર બેનિફિટ.
- **મૅડિકલ સેકંડ ઓપિનિયન**[2] **:** મૅડિકલ એક્સપર્ટ્સ પાસેથી સેકંડ ઓપિનિયન મેળવવાના લાભની સુવિધા.
- **કર બચત**[3] **:** હેલ્થ બેનિફિટ માટે ચૂકવેલા પ્રીમિયમો પર કલમ 80Dનો લાભ મેળવો.
- **પરવડે એવાં પ્રીમિયમો**


1 કૅન્સરના વિશિષ્ટ તબક્કાઓ પસંદ કરેલા લાભ માળખાંના આધારે આવરી લેવામાં આવે છે. લાભ માળખું (બેનિફિટ સ્ટ્રક્ચર) પ્રારંભમાં એક વાર પસંદ કર્યા પછી પૉલિસી મુદત દરમિયાન તેમાં ફેરફાર નથી કરી શકાતો.

2 મૅડિકલ સેકંડ ઓપિનિયન : આ સેવા વીમિત વ્યક્તિને તેમને કરાયેલા નિદાન અને સારવાર યોજનાનો અન્ય ડૉક્ટર પાસેથી સેકંડ ઓપિનિયન લેવાની તક આપે છે. આ સુવિધા માત્ર કૅન્સર અને સીઆઈએસનું નિદાન થવા પર જ પૂરી પાડવામાં આવશે. સેવાઓ મેડિગાઈડ ઈન્ડિયા દ્વારા પૂરી પાડવામાં આવે છે.

3 કર લાભો આવકવેરા કાયદાઓ અનુસાર રહેશે અને વખતોવખત ફેરફારને આધિન રહે છે. કૃપા કરી વિગતો માટે તમારા કર સલાહકારની સલાહ લો.

## ઉદાહરણ

| એસબીઆઈ લાઈફ – સંપૂર્ણ કૅન્સર સુરક્ષા (ક્લાસિક બેનિફિટ સ્ટ્રક્ચર) | | |
|---|---|---|
| **વીમિત વ્યક્તિની ઉંમર :** 40 | **વીમા રકમ :** 25 લાખ | **પ્રીમિયમ વારંવારતા :** વાર્ષિક |
| **પૉલિસી મુદત :** 30 વર્ષ | **લિંગ :** પુરુષ | **મૂળ પ્રીમિયમ :** ₹8,253 (લાગુ થતા કરવેરા સિવાય) |



## એસબીઆઈ લાઈફ – સંપૂર્ણ કૅન્સર સુરક્ષા પર ઉડતી નજર :

**બેનિફિટ સ્ટ્રક્ચરની વિગતો :**

| | | |
|---|---|---|
| પ્રવેશ સમયે ઉંમર* | **ઓછામાં ઓછી :** 6 વર્ષ બાળક માટે, 18 વર્ષ પુખ્ત માટે | **વધુમાં વધુ :** 17 વર્ષ બાળક માટે, 65 વર્ષ પુખ્ત માટે |
| પાકતી મુદતે મહત્તમ ઉંમર* | 75 વર્ષ | |
| મૂળ વીમા રકમ (₹1 લાખના ગુણાંકમાં) | **ઓછામાં ઓછી :** ₹10,00,000 | **વધુમાં વધુ :** ₹50,00,000<br>બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિને આધિન |
| પૉલિસી મુદત | **ઓછામાં ઓછી :** 5 વર્ષ | **વધુમાં વધુ :** 30 વર્ષ |
| પ્રીમિયમ વારંવારતા | વાર્ષિક/અર્ધ–વાર્ષિક/ત્રૈમાસિક/માસિક# | |
| પ્રીમિયમ ચૂકવણી મુદત | પૉલિસી મુદત જેટલી જ | |
| પ્રીમિયમ રીવ્યૂએબિલિટી | પ્રીમિયમ દરો 5 પૉલિસી વર્ષના બ્લૉક માટે ગૅરંટેડ છે અને પાંચ વર્ષના દરેક બ્લૉક પછી તેની સમીક્ષા કરવામાં આવશે. સુધારિત પ્રીમિયમ દરો પ્રવેશ સમયે ઉંમર પર આધારિત રહેશે.<br>પ્રીમિયમ દરો પ્રોડક્ટ હેઠળ ક્લેમ અનુભવ આધારે સુધારવામાં આવી શકે છે જે IRDAIની પૂર્વ મંજૂરીને આધિન રહેશે. | |
| પ્રીમિયમ ફ્રીક્વન્સી લોર્ડિંગ | અર્ધ–વાર્ષિક : વાર્ષિક પ્રીમિયમના 51.00%<br>ત્રૈમાસિક : વાર્ષિક પ્રીમિયમના 26.00%<br>માસિક : વાર્ષિક પ્રીમિયમના 8.50% | |

| પ્રીમિયમ (રૂ.માં) (લાગુ થતા કરવેરા સિવાય) | પ્રકાર | ઓછામાં ઓછું | વધુમાં વધુ |
|---|---|---|---|
| | વાર્ષિક | ₹600 | ઉંમર અને વીમા રકમ આધારે |
| | અર્ધ–વાર્ષિક | ₹300 | |
| | ત્રૈમાસિક | ₹150 | |
| | માસિક# | ₹50 | |

**ઉંમર સંબંધિત બધા જ સંદર્ભો છેલ્લા જન્મ દિવસ મુજબ ઉંમર માટેના છે.*

*#માસિક પ્રકાર માટે, 3 મહિનાનું સુધીની પ્રીમિયમ એડવાન્સમાં ભરવાનું રહે છે. રીન્યૂઅલ પ્રીમિયમની ચૂકવણી માત્ર ઈલેક્ટ્રૉનિક ક્લિયરિંગ સિસ્ટમ (ECS) અથવા સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રક્શન્સ (જેમાં ચૂકવણી બૅન્ક એકાઉન્ટમાંથી ડાયરેક્ટ ડેબિટ કરીને અથવા ક્રેડિટ કાર્ડ દ્વારા કરવામાં આવે છે) દ્વારા જ કરી શકાશે. મંથલી સેલેરી સેવિંગ્સ સ્કીમ (SSS) માટે 2 મહિનાનું સુધીની પ્રીમિયમ એડવાન્સમાં ભરવાનું રહેશે અને રીન્યૂઅલ પ્રીમિયમની ચૂકવણી માત્ર સેલેરી કપાત મારફત જ માન્ય છે.*

## વળતર પર પ્રતિબંધ

**વખતો વખત સુધારો કરાતી વીમા ધારા 1938ની કલમ 41 :**

ક) કોઈપણ વ્યક્તિએ કોઈપણ વ્યક્તિને જીવન અથવા ભારતમાં મિલ્કત સંબંધિત કોઈપણ પ્રકારના જોખમો સંદર્ભે વીમો લેવા અથવા રીન્યૂ કરવા અથવા ચાલુ રાખવા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ચૂકવવાપાત્ર કમિશનની પૂરેપૂરી અથવા આંશિક રકમનું વળતર અથવા પૉલિસીમાં દર્શાવેલા પ્રીમિયમની કોઈપણ છૂટ પ્રલોભન તરીકે આપવી કે આપવા ન દેવી જોઈએ, ન તો પૉલિસી લેનાર, રીન્યૂ કરનાર અથવા ચાલુ રાખનાર વ્યક્તિએ આવી કોઈપણ છૂટ સ્વીકારવી જોઈએ સિવાય કે વીમો કરનારના પ્રકાશિત કરાતા પ્રોસ્પેક્ટસ અથવા ટેબલો અનુસાર માન્ય છૂટ હોય.

ખ) આ કલમની જોગવાઈઓના પાલનમાં કસૂરવાર ઠરનાર કોઈપણ વ્યક્તિ દંડને પાત્ર રહેશે જે ₹10 લાખ સુધી વધી શકે છે.

**Toll-free No.:** 1800 267 9090 | SMS '**LIBERATE**' to 56161 | **Email:** info@sbilife.co.in | **Web:** www.sbilife.co.in
(Between 9.00 am & 9.00 pm)

એસબીઆઈ લાઈફ – સંપૂર્ણ કૅન્સર સુરક્ષા એક ઈન્ડિવિજ્યુઅલ, નૉન–પાર્ટિસિપેટિંગ, નૉન–લિંક્ડ હેલ્થ ઈન્શ્યૉરન્સ પ્યોર રિસ્ક પ્રીમિયમ પ્રોડક્ટ છે.

**છેતરામણીભર્યા ફોન કૉલ્સ અને કાલ્પનિક/છેતરપીંડીવાળી ઓફરોથી સાવધ રહો :**
IRDAI, ઈન્શ્યૉરન્સ પૉલિસી વેચવી, બોનસ જાહેર કરવા કે પ્રીમિયમનું ઈન્વેસ્ટમેન્ટ કરવા જેવી ગતિવિધીઓ સાથે સંકળાયેલી નથી. આવા કૉલ્સ મેળવનાર જાહેર જનતાને વિનંતી છે કે તેઓ પોલિસમાં તેની ફરિયાદ કરે.

કવરેજ, વ્યાખ્યાઓ, બકાત, પ્રતિક્ષા મુદત, જોખમી પરિબળો તથા નિયમો અને શરતો વિશે વધુ વિગતો માટે વેચાણનો નિર્ણય કરતા પહેલા કૃપા કરી સેલ્સ બ્રોશર કાળજીપૂર્વક વાંચો. ઉપર દર્શાવેલ ટ્રેડ લોગો સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનો છે અને એસબીઆઈ લાઈફ દ્વારા લાઇસન્સ હેઠળ તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એસબીઆઈ લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને કૉર્પોરેટ ઑફિસ : નટરાજ, એમ. વી. રોડ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે જંક્શન, અંધેરી (પૂર્વ), મુંબઈ– 400 069. | **IRDAI રજિ. નં. 111** | CIN:L99999MH2000PLC129113.
NW/2E/ver1/02/22/SP/GUJ